અર્પણ...

પૂજ્ય પપ્પાને...

જેમણે મારી દરેક પ્રવૃત્તિને

હંમેશા પ્રોત્સાહિત કરી બિરદાવી છે

**– ધીરેન**



**સ્વ. હિંમતલાલ છોટાલાલ શાહ**

## એક મિનિટ ! “મારી વાત”

આપણી આજુબાજુ કાંઈપણ ખોટું બને આપણને તે ખ્યાલમાં આવવું જોઈએ અને ક્યાંક ‘ખૂંચવું’ જોઈએ. ઘણા વખતથી આ વાત મારા હૃદયમાં બેઠી હતી. રોજબરોજના આપણા જીવનમાં જાણ્યે અજાણ્યે આપણે જે ચીજવસ્તુઓ વાપરીએ છીએ તેમાં હિંસા કઈ રીતે સંકળાઈ ગઈ છે તે જણાય તો અટકવાનું બને. આ વાત મારી સાથેના યુવાનોને સમજાવતો. આજના યુવાનો સમજુ છે. તરત ભલે સ્વીકાર ન કરે પણ જાણ્યા-સમજ્યા પછી અસ્વીકાર તેમને માટે મુશ્કેલ છે. રોજબરોજનાં વપરાશમાં આવતી અનેક ચીજવસ્તુઓની બનાવટમાં જે હિંસા સંકળાયેલી છે તે ધ્યાનમાં લાવવા અને તેની અવેજીમાં (alternative) અહિંસક બનાવટોનો ઉપયોગ કરવામાં આવે એ હેતુથી આ પુસ્તિકાનો જન્મ થયો છે. નિર્દોષ, અહિંસક વસ્તુઓ, બનાવટોની સૂચિ (list) દરેક પાસે હોય તો અજાણતાં પણ હિંસાથી બચી શકાય તે હેતુથી પુસ્તિકાના અંતે અહિંસક બનાવટોનું list આપ્યું છે.

આ પુસ્તિકાનું નામ ‘ખલેલ’ એટલા માટે છે કે જગતમાં કંઈ પણ ખોટું ચાલતું હોય તો આપણને ‘ખલેલ’ પહોંચવી જોઈએ. આપણને ‘ખલેલ’ પહોંચતી નથી માટે આપણે અટકતા નથી. હું કંઈક અંશે ‘ખલેલ’ પામ્યો છું, મારી ભાવના તમને ‘ખલેલ’ પહોંચાડવાની છે. બીજુ, આપણને કુદરતમાં ‘ખલેલ’ પહોંચાડવાનો કોઈ જ અધિકાર નથી. ‘જેમ મને દુ:ખ ગમતું નથી તો બીજાને દુ:ખ આપવાનો મને કોઈ અધિકાર નથી’ આ ભાવ જાગવો અત્યંત જરૂરી છે. છતાંયે ડગલે ને પગલે આપણે ખલેલ પહોંચાડ્યા જ કરીએ છીએ.

Convent Culture ના આ યુગમાં યુવાનોને ખ્યાલમાં રાખીને ઠેકઠેકાણે અંગ્રેજી શબ્દો વાપર્યા છે અને list તો આખું English માં જ આપ્યું છે.

બ્યુટી વિધાઉટ ક્રુઅલ્ટી (BWC) એ list પ્રકાશીત કરવાની પરવાનગી આપેલ છે. માટે તેમનો આભાર ! આ international સંસ્થા છે. તેમના આજીવન સભ્ય બનવા જેવું છે. જોકે સંસ્થાનો પ્રચાર કરવાનો અહીં કોઈ જ ઉદ્દેશ નથી. છતાંય જો પ્રચાર થતો હોય તો મને કંઈ વાંધો પણ નથી.

મિત્ર ‘અમી’ ન હોત તો આ કાર્ય મારા માટે વધુ મુશ્કેલ બન્યું હોત. તેનો આભાર માનીશ તો તેને નહીં ગમે અને નહીં માનું તો મને નહીં ગમે. માટે આભાર માનું છું. મિત્ર વિજય નો પણ આભાર. કોઈપણ કાર્ય teamwork વગર થતું નથી તે ઘણીવાર અનુભવ્યું છે.

છેલ્લે, મારા યુવાન મિત્રોની લાગણી અને સહકાર મારી સાથે ન હોત તો કદાચ આ વાત તમારી પાસે ન પહોંચત. બસ !

આ વાંચીને ક્યાંક ‘ખલેલ’ પહોંચે - અટકીએ અને કોઈને ‘ખલેલ’ ન પહોંચાડીએ તેવી ભાવના સાથે...

– ધીરેન

**“પરમાત્મા સૌને સદ્‌બુદ્ધિ આપે”**

# પ્રસ્તાવના

આ નાની પુસ્તિકા "ખલેલ" પહોંચાડવા માટે છે. "ખલેલ" એટલે "Disturb". વાત એમ છે કે આપણને ખલેલ પહોંચી શકે તેવી સંવેદનાઓ આપણે ગુમાવી બેઠા છીએ. જગતમાં કંઈ પણ બને - આપણું મન તેનાથી disturb થતું નથી. આપણને ખલેલ પહોંચતી નથી.

"મારા થકી જગતમાં ખળભળાટ મચી શકે છે તેવી માન્યતાઓથી હું 'પર' થઈ ગયો છુ. 'મારે શું ?' એવી જડબુદ્ધિ મને સ્વાર્થી બનાવે છે..."

આ પુસ્તિકાનો હેતુ લોકોને જાગૃત કરવાનો છે કે આપણે જાણ્યે અજાણ્યે જે વસ્તુનો ઉપયોગ કરીએ છીએ તેની પાછળ કેટલા પ્રમાણમાં પશુ હિંસા થાય છે અથવા તમે તમારી સાથેના જગતના અન્ય જીવોને કેટલો ભય, ત્રાસ કે પીડા આપો છો તે પ્રત્યે જાગૃત કરાવવાનો છે.

આપણી જીવન જીવવાની પધ્ધતિ કેટલી હદે વિકૃત થઈ ગઈ છે તેનો ખ્યાલ ત્યારે જ આવી શકશે જ્યારે આપણે આપણી જીવન પધ્ધતિને તપાસીએ, આપણી જીવન પધ્ધતિ એવી હોવી જોઈએ કે જેનાથી જમીન પર રહેનારા, જળમાં રહેનારે કે વાયુમાં ઉડનારા કોઈપણ જીવ આપણા થકી ભય ન પામે, ત્રાસ કે પીડા ન પામે કે આપણા જીવવા માટે થઈને અન્યનો જીવ ન જાય.

નિર્દોષ પશુ, પક્ષીઓ કે જીવડાઓ (animals, birds and insects) ની જરૂર વગરની પીડા-હત્યા રોકવા આપણે આપણી રીતે શું યોગદાન આપી શકીએ ? (એનો અર્થ એમ સહેજ પણ નથી કે જરૂર પૂરતી હત્યાની છૂટ છે) અહીં પ્રસ્તુત દરેક વાતમાં આપણે જોઈ શકીશું કે આ બધા વિના આપણને ખુશીથી ચાલી શકે તેમ હતું કે ચાલી શકે તેમ છે.

આમ આપણી બેદરકારી-બેકાળજી કે "મસ્તી" માં જીવવાની પધ્ધતિ જો થોડીક બદલી શકીએ તો જણાશે કે આપણે કેટલી હદે હિંસાને આપણા જીવનમાં પ્રવેશતી રોકી શક્યા !

આપણે મનુષ્યો આ જગત પરના સૌથી જંગલી (wild) અને સ્વાર્થી (selfish) (માફ કરજો !) પ્રાણી છીએ. કતલ કરાયેલા પ્રાણીનો એક ભાગ પણ નકામો - waste જવા દેતા નથી. Every gland, every organ, every pound of fat, every square inch of skin, every strand of hair that can be extracted from the carcass.

આ વાતના સંદર્ભમાં શ્રી અક્ષય જૈનનું એક માર્મિક કાવ્ય ટાંકવાનું મન થાય છે...

***ગાય***

***'અમે તમારું દૂધ પીએ છીએ, માંસ ખાઈએ છીએ***
***તમારા હાડકા પાંસળીઓના બેલ્ટ, બટન બનાવીએ છીએ***
***તમારી નસેનસને કચડી નાખીએ છીએ***
***તો પણ અમને મનુષ્યોને આ વાતનું ઘણું દુ:ખ છે***
***કે તમને કાપતી વખતે***
***નીકળતી તમારી ચીસનો***
***કશો ઉપયોગ અમે કરી શકતા નથી.'***

આ કવિતા માત્ર વાહ વાહ માટે નથી. વાત એમ જ છે કે કતલ કરાયેલા પ્રાણીના એકએક ભાગને ક્યાંક ને ક્યાંક શાકાહારી કે બિનશાકાહારી પદાર્થોમાં substitute તરીકે આપણે વાપરવા માંડ્યા છીએ. કોઈ એમ કહે કે હું આ-આ વસ્તુ વાપરું છું તેમાં હું પ્રાણીઓની કતલ સાથે કઈ રીતે જોડાયો ? તો વાત એમ છે કે ઘણી વસ્તુની આપણને જાણ નથી માટે અથવા આપણે જેને પૂરેપૂરી 'નિર્દોષ' ગણીએ છીએ એવી અનેક ચીજ વસ્તુઓના ઉત્પાદન (production) માં જીવહિંસાનો આશરો લેવામાં આવે છે. દેખાવમાં નિર્દોષ છતાં મૂળમાં દોષવાળી એવી આ કઈ ચીજવસ્તુઓ આપણા જીવનમાં પ્રવેશ કરી ચૂકી છે તેનું આ પુસ્તિકા આપણને માર્ગદર્શન કરશે.

VEGETARIANISM SHOULD MEAN NOT JUST A WAY OF EATING BUT A WAY OF LIFE. શાકાહારી બનવું એટલે ફક્ત બિનશાકાહારી ન ખાવું તેટલું જ નહીં પણ જીવન જીવવાની પધ્ધતિ પણ અહિંસક હોવી. આ કોઈ ધર્મની વાત નથી કે નથી કોઈને ધર્મિષ્ઠ બનાવવાનો પ્રયત્ન ! અહિંસક બનવું એ રોજરોજ વધુને વધુ મુશ્કેલ બની રહ્યું છે, પણ અશક્ય નથી જ ! છેલ્લે, આપણને એમ વિચાર આવે કે હું એકલો 'આ પ્રમાણે જીવું' તેથી જગતમાં કંઈ ફેર પડવાનો નથી, જગત તો જેમ

ચાલે છે તેમ જ ચાલ્યા કરશે. આવી માન્યતા આપણને વધુ સંવેદનારહિત (insensitive) બનાવે છે. એવો વિચાર ક્યારે પણ ન કરો કે મારા એકલાથી શું ? વિચારશીલ (thoughtful, committed) નાગરિકો દુનિયાને બદલી શકે છે. Indeed, it is the only thing that ever does. EACH AND EVERY DROP COUNTS.

પુસ્તકનાં અંતે આપેલી સૂચિ (list) વાપરી શકાય તેવા પદાર્થોની BWC (Beauty without cruelty) એ પ્રકાશિત કરેલ પુસ્તક **'A vegetarian lifestyle'** માંથી લીધેલી છે. મહામહેનતે સંશોધનો કરીને તેને આ પુસ્તકમાં સમાવવામાં આવી છે. આ વિગતો પૂર્ણ સત્ય પર આધારિત છે અને એમાં જરાપણ અતિશયોક્તિ (exaggeration) નથી.

આ list માંના products 100% vegetarian (શાકાહારી) છે તથા તેની બનાવટ પહેલાં કોઈપણ પ્રાણીઓ પર પરીક્ષણ - test પણ કરવામાં આવ્યા નથી. બાકીના બજારમાં મળતાં બધા products શાકાહારી હોઈપણ શકે અને ન પણ ! કારણકે જે આ BWC (બ્યુટી વિધાઉટ ક્રુઅલ્ટી) સંસ્થા છે, તેના જબ્બર પ્રયાસો પછી આપણને આ list પ્રાપ્ત થયું છે. તેમણે ભારતના દરેક manufacturers (ઉત્પાદકો) ને પૂછાવેલા સવાલોના જે ઉત્પાદકોએ પોતાના ઉત્પાદનો ૧૦૦% શાકાહારી અને અહિંસક છે તેમણે સંતોષકારક જવાબ આપ્યા છે અને બાકીનાઓએ જવાબ આપવાનું ટાળ્યું-avoid કર્યું છે. શા માટે ? તે આપણે વિચારવું ન જોઈએ ?

ટૂકમાં કહીએ તો જે લોકો કુદરત સાથે તાલ મિલાવીને અને નિર્દોષ જીવન જીવવા ઈચ્છે છે કે કોશિષ કરે છે તે લોકોને આ પુસ્તિકા ખૂબ જરૂરી માર્ગદર્શન - information આપી શકશે.

પણ એક મિનીટ !

આ વાત ત્યારે જ ઉપયોગી થશે જ્યારે તે ઉપયોગમાં લેવાશે. વાંચનાર પોતે નક્કી કરે કે તે અહિંસક જીવન પધ્ધતિ (vegetarian lifestyle) કેટલી અપનાવવા ચાહે છે ! અથવા તો કોઈને પણ 'ખલેલ' પહોચાડ્યા વિનાનું જીવન કેટલું અપનાવવા માગે છે ?

***THE SMALLEST DEED IS FAR BETTER THAN GRANDIEST INTENTION***



# શરૂઆત

જીવન જીવવા માટે જરૂરી છે રોટી, કપડાં અને મકાન. મનુષ્યને આ ત્રણ મળે તો તે શાંતિથી જીવી શકે. પણ આપણે આપણી જરૂરિયાતો વધારતા ગયા...વધારતા ગયા...અને આજુબાજુ અશાંતિ ઊભી કરી. બીજા જીવને 'ખલેલ' પહોંચાડી.

**The cow does not give us milk. We take it from her. The bees do not make honey for us. We steal it from them.**

It is impossible to obtain any substance from their bodies without causing pain or harming them. પ્રાણીજ પદાર્થ પ્રાણીઓને નુકશાન પહોંચાડ્યા વગર મેળવવું અસંભવ-અશક્ય છે.

સવારથી ઊઠીને રાત સુધીમાં આપણે જે જે વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ, તેમાં કેટલાયે જીવોની હિંસા કે પીડા સમાયેલા છે, તે જોઈએ.

ઊઠીને પ્રથમ બ્રશ કરીએ છીએ. આપણામાંના ઘણા બધા જાણે છે કે મોટાભાગની જાણીતી ટુથપેસ્ટો (toothpaste) માં હાડકાંનો ભૂકો/રાખ (bone-ash) નાખવામાં આવે છે અને જેલ ટુથપેસ્ટમાં ગ્લીસરીન. છતાંય 'આપણે શું ?' કરીને બેધડકપણે વાપરીએ છીએ.

'માઉથવોશ' માં પણ ગ્લીસરીન આવે છે. Bone-ash પ્રાણીના હાડકામાંથી અને ગ્લીસરીન પ્રાણીજ ચરબીનું by-product છે. (વનસ્પતિજન્ય પણ હોઈ શકે - પણ બહુ ઓછું)

જેટલી vegetarian કે Jain toothpaste છે તેઓ ઉપર લખે છે.

શેવિંગ કરતી વખતે યાદ રહે કે શેવિંગ બ્રશ જો natural hair માંથી બનેલું હોય તો તેની પાછળ જબ્બર ત્રાસદાયક પધ્ધતિ સંકળાયેલી છે. મોટાભાગે સુવ્વર - pig ના વાળમાંથી (hog bristles) shaving brush બને છે. સુવ્વર ને બે માણસો પકડીને સુવાડી રાખે અને એક માણસ મુઠ્ઠીઓ ભરીભરીને વાળ ખેંચતો જાય - સંપૂર્ણપણે વાળ નીકળી ન જાય ત્યાં સુધી. (જુઓ પાનું નં III ફોટો 1) તેના વાળ કાપવામાં નથી આવતા પણ ખેંચવામાં આવે છે. તે ભયાનક દર્દનાક ચીસો પાડે છે. તેની આખા શરીરની ચામડી પર લોહી ઊઠી આવે છે. કહેવાની જરૂર નથી કે પછી તેના

માંસ માટે તેની કતલ કરવામાં આવે છે.

આજ વાળ પેઈન્ટ બ્રશમાં પણ વપરાય છે. કુદરતી વાળ (natural hair) નું label લગાડેલા બ્રશ દેખાય એટલે સમજી લેવું કે તે સુવ્વર (અથવા કોઈપણ પ્રાણી) ની રુંવાટીમાંથી બનાવેલ છે. **તો પછી શું કરવું ?**

બજારમાં સિન્થેટીક વાળ (fibre) ની બનેલી પીંછીઓ હવે મળતી થઈ છે. આટલું જાણ્યા પછી દેખીતી રીતે જ જો ડુક્કરના વાળવાળા બ્રશથી દાઢી કે તેની રૂંવાટીવાળી પીંછીથી રંગ કરવામાં આવશે તો શું તેમાં ડુક્કરનું આક્રંદ સંભળાયા વગર રહેશે ?

**Would you murder a child just because you liked his hair ?**



**Then why murder an animal for its fur ? Murder is too high a price to pay for a fur rug. The choice is yours.**
**BE HUMAN. LET ANIMALS BE.**

આમ જ સવારથી ઊઠીને દૈનિક જીવન (daily routine) માં આપણે જે જે સાબુ વગેરે કે સૌંદર્ય પ્રસાધનો (cosmetics) વાપરીએ છીએ તેમાં વધુ detail માં ન જતાં ફક્ત તેમાં ક્યો પ્રાણીજ પદાર્થ (animal ingredient) વાપરવામાં આવે છે તે જોઈ લઈએ.

નહાવા જાઓ તે પહેલાં જાણી લેજો કે મોટાભાગના branded/non-branded સાબુઓમાં પ્રાણીજ ચરબી (animal fat-tallow) વપરાય છે.

| **Products** | | **Ingredients** |
|---|---|---|
| Shaving cream | - | Stearic acid અને Lecithin |
| Shampoo | - | Egg, animal protein, ceramides, fatty acid |
| Conditioner | - | Silk oil |
| Deodorant | - | Quaternium (derivative of animal tallow) |

યાદ રહે કે આ પદાર્થો તેમાં છે તેટલું જ નહીં પણ તમારી આંખમાં કે ચામડી પર લગાડવાથી તમને કોઈ side-effects તો નહિ આવે ને તેની ચકાસણી માટે સસલાં, ઉંદર, ગીની પીગ્ઝ અને વાંદરા પર અખતરા-ડદક્ષ્ડદ્રણ્ડત્દ્વ્મ થાય છે જે અતિશય ક્રુર દુઃખ દેનારા અને પીડાદાયક હોય છે.



# TORTURE CHAMBER

## શું તમે સસલાંને રડતાં જોયા છે ?

નહાતાં નહાતાં શેમ્પુ કે સાબુ કે કન્ડીશનર તમારી આંખમાં જાય તો તમને નુકશાન કરે કે નહીં તે તપાસવા સસલાં પર અખતરા થાય છે. સસલાંની આંખમાં અશ્રુગ્રંથિ (tear glands) હોતી નથી તેથી નાખેલ પદાર્થ અશ્રુ સાથે બહાર આવી શકે નહીં.

સસલાંને તેના જ કદના એક પાંજરામાં પુરે છે. ફક્ત મોઢું બહાર. તેની પાપણ (eye lashes) ખોલીને ઉપર 'ટાંચણી' ભરાવવામાં આવે છે જેથી તે આંખ બંધ કરી શકે નહીં. પછી શેમ્પુ કે કન્ડીશનર જે 'ચેક' કરવાનું છે તેને તેની આંખમાં નાખવામાં આવે છે. અજાણતા પણ સાબુ વગેરે આપણી આંખમાં જાય છે ત્યારે શું થાય છે તેનાથી આપણે બેખબર નથી જ ! તેને ભયંકર બળતરા થાય છે. આ પ્રયોગ દરમ્યાન સસલું સહી ન શકે તેટલી વેદના અનુભવે છે. તે રાડો પાડીને બાળકની જેમ રડે છે. (આંસુ નથી આવતા તે તેની કમનસીબી જ સમજવી ને ?) આ પ્રયોગ ત્યાં સુધી ચાલે છે જ્યાં સુધી સસલાંનો કોર્નિયા 'ફાટી' ન જાય, તે આંધળું ન થઈ જાય. આ test ને Draize Eye Irritancy Test કહેવાય છે. (જુઓ પાનું III ફોટો 3) જે શેમ્પુમાં એમ લખ્યું છે કે આ વાપરવાથી આંખમાં બળતરા નથી થતી તેવા શેમ્પુ માટે પણ અગાઉ જ 'કોઈકે' અસહ્ય બળતરા સહન કરી જ લીધી છે. આવા શેમ્પુ તો અત્યંત હિંસક પ્રક્રિયા દ્વારા તૈયાર થતા હોય છે. આવા અખતરા વાંદરાઓ પણ દિવસો સુધી ભોગવે છે. (જુઓ પાનું VII ફોટો 12)





**BIOLOGY IS A LIFE SCIENCE NOT A DEATH SCIENCE.**

## BEAUTY IS S(K)IN DEEP

જે ક્રીમ, લોશન, ફેસપાવડર કે cosmetics ની કોઈપણ ચીજ તમે વાપરો છો તેમાં પણ ઘણું કરીને animal ingredients તો છે જ. તે ઉપરાંત પ્રાણીઓ ઉપર પણ ભરપુર અખતરાઓ થયેલા હોય છે. દર વર્ષે લાખો પ્રાણીઓ ન મરેલા ન જીવતા બેહાલ સ્થિતિમાં છોડી મૂકવામાં આવે છે. જાણીતી બામ (balm) બનાવતી કંપનીએ ગયા વર્ષે દુનિયાભરમાં કુલ પાંચ લાખ પ્રાણીઓ પર experiments કરેલા તે જાણવા જેવું છે.

### ~ એક પ્રયોગ આપણા પર ~

ગીની પીગ્ઝ ને તેની રૂંવાટી કાઢી તેની ચામડીને છોલે છે. ત્યાં aftershave lotion બે દિવસ માટે લગાડવામાં આવે છે અને તપાસવામાં આવે છે કે કેટલું દાઝ્યું છે. આ પ્રક્રિયા અતિશય વેદનાભરી છે. (જુઓ પાનું III ફોટો 2)

જો તમને અનુભવ કરવો હોય તો એકદમ સહેલું છે.

પાંચ ટૂકડા adhesive tape ના લ્યો. તમારા શરીર પર એક જગ્યા પસંદ કરો. ત્યાં ટેપ લગાડો-ઊખાડો, લગાડો-ઊખાડો. પાંચવાર કરવાથી તમારી ચામડી છોલાય જાય એટલે ત્યાં ‘કંઈ’ પણ લગાડો...

Ready ? Steady... & off it goes...

શું આ અનુભવ કરી શકાય તેમ છે ? તો પછી જે ‘ના’ નથી કહી શકતા તેવા પ્રાણીઓ ઉપર કેમ ?

આમ રોજિંદા જીવનમાં આપણે એટલા સ્વાર્થી થઈ ગયા છીએ કે બીજા જીવોનો સ્હેજ પણ વિચાર કરતા નથી. વાસ્તવમાં પ્રયોગને ફરજિયાત બનાવતો કોઈ કાનુન નથી. પણ રખેને માનવીને બળતરા ઉપડે અને ફરિયાદ કરે તો ? મુંગા પ્રાણીઓ ક્યાં ફરિયાદ કરવા જવાના હતા ?

પણ તેમની ફરિયાદ ‘ક્યાંક’ નોંધાય છે તેની નોંધ લેશો.

યાદ રહે... **LOVE IS THE BEST COSMETIC.**



### ~ સુવાસ માટે વનવાસ ~



Perfume માટે કસ્તુરી મૃગ (Musk deer) નો શિકાર કરવામાં આવે છે. અત્યારે ભારતમાં કસ્તુરી મૃગનો સંપૂર્ણ નાશ થઈ ગયો છે તે જાણશો.

તેમજ સીવેટ (Civet) બીલાડી જેવું પ્રાણી આવે છે. તેને પાંજરામાં પુરીને ખૂબજ શારીરિક ત્રાસ (physical torture) આપવામાં આવે છે. તેને સતત માર્યા કરે છે અને લાકડીના ગોદા માર્યા કરે છે. તેથી તે વધારે ને વધારે ઉશ્કેરાય–ઉત્તેજીત થાય – દુઃખી થાય છે. તેની ગ્રંથિમાં એક સુગંધી પદાર્થ હોય છે જે આ ત્રાસને લીધે વધુ ઉત્પન્ન થાય છે. ત્યારબાદ આંગળીઓ વડે તે પાઉચ (ગ્રંથિ) ખોલીને પદાર્થને ખોતરીને (surgically scraped with pointed instrument) કાઢવામાં આવે છે. દર દસ દિવસે આ પ્રક્રિયા કરે છે. અને વધુ ક્રુરતા એ છે કે આખી જીંદગી તેણે 25 cm x 30 cm ના પાંજરામાં કાઢવી પડે છે. કુદરત ખૂબ સારી છે (આને લીધે) તેનું આયુષ્ય અડધું કરી નાખે છે !!

હવે જ્યારે બીજાને ખુશ કરવા માટે તમે સુગંધીત થાઓ ત્યારે ખાસ ‘સીવેટ’ ની વેદનાનો વિચાર કરજો.

આ વાત સામાન્ય નથી.

આ ઉપરાંત મસ્કરેટમાંથી, વ્હેલમાંથી અને white bear માંથી પણ સુગંધી પદાર્થો મળે છે. ૩ ઔંસ musk oil માટે ૧૦૦૦ musk rats ને મારવામાં આવે છે.

Lipstick આપણા મોઢામાં જાય તો નુકશાન કરે કે નહીં તે માટે LD-50 test ઉંદર અને વાંદરા પર કરવામાં આવે છે. તેમને પરાણે (forcefully) lipstick ખવડાવવામાં આવે છે. જ્યાં સુધી પ્રયોગમાં લીધેલા ૫૦% વાંદરાઓ

કે ઉંદર મરી ન જાય ત્યાં સુધી. આને 50% of animals dying of lethal dose (LD-50) કહેવામાં આવે છે. (જુઓ પાનુ VII ફોટો 13)

નીચે દર્શાવેલા products માં જે જે પ્રાણીજ પદાર્થ વપરાય છે તે બતાવવામાં આવ્યું છે.

| **PRODUCTS** | | **INGREDIENTS** |
|---|---|---|
| Lipstick | - | Beewax, stearic acid |
| Nail polish | - | Fish scales |
| Eye shadow | - | Silk oil |
| Face powder | - | Silk oil |
| Moisturising cream | - | Collagen, serum albumen, umblical extract |
| Hair dye | - | Stearate & oleates |
| Suntan lotion | - | Turtle oil (કાચબાના શરીરનું તેલ) |
| Anti-aging cream | - | Calf blood extracts |
| Anti-wrinkle cream | - | Liver extracts |

આ ઉપરાંત નીચેના કોઈપણ ingredients કોઈપણ cosmetics માં વપરાયા હોય તો તે animal origin જ હોય છે.

Albumen, cholesterol, elastin, cod liver oil, ash of coral, fat of the fish, heparin, salt from beef lung, shark liver oil, crushed snails, vitamins of animal origin.

આમ સૌંદર્ય પ્રસાધનો કે toiletries વાપરતાં પહેલા જાગૃત નાગરિકે આ વાત ચોક્કસ ધ્યાનમાં લેવી પડશે કે હું મારા સૌંદર્ય કે સ્વચ્છતા માટે આ નાનકડા અને માનવજાત માટે નિર્દોષ પ્રાણી જગતને કેટલું કદરૂપુ અને વિકૃત બનાવું છું ?

હજી આગળ જોઈએ કે શું આપણી cruelty નો અંત આવ્યો છે ?

We have no rights over animals,
We have duties towards them.

All creatures of the world live, suffer & die as we do.





## રેશમ – SILK



સિલ્ક વિશે તો તમે બધા જ જાણો છો. તે એટલું બધું આપણી જાણમાં છે કે તેની ઉપેક્ષા કરી નાખવામાં આવે છે.

બની શકે કે તમે ખૂબ ધર્મિષ્ઠ હો, બની શકે તમે મોટા દાનેશ્વરી હો, બની શકે તમે પરમાત્મા-ઈશ્વવરની પૂજા કરતા હો, બની શકે તમે જીવદયાના પ્રખર હિમાયતી હો, પણ બની શકે કે તે છતાં તમે સિલ્ક પણ પહેરતા હો !!

શું તમે દાન કરો છો તો silk-worm ને અભયદાન ન કરી શકો ? શું તમે જીવદયાનો પ્રચાર કરતા હો તો રેશમના કીડા જીવ છે અને તેની દયા પાળવી જોઈએ એમ નથી લાગતું ?

તમે રેશમના વસ્ત્રો પહેરો છો અને પરમાત્માની પૂજા કરો છો તો શું તે પૂજા પ્રભુને પહોંચતી હશે ?

યાદ રહે, સિલ્ક પૂરેપૂરું હિંસક જ છે. કોઈપણ સિલ્ક (નીચે આપેલ યાદીમાંથી) અહિંસક નથી. ખાદી ભંડારમાં મળતું સિલ્ક પણ અહિંસક નથી જ!

| | | |
|---|---|---|
| Boski | Pure Crepe | Khadi Silk |
| Pure Georgette | Organza | Pure Satin |
| Pure Chiffon | Raw Silk | Pure Gaji |
| Matka silk or Endi silk | | |

### 100% SILK SAREES

| | | | |
|---|---|---|---|
| Banarasi | Kanjivaram | Panetar | Bangalore |
| Tanchhoi | Paper | Dharmavaram | Dhakai |
| Temple | Endi | Kosha | Tussar |
| Jaipuri | Mysore | Vallkalam | Jamevar |
| Matka | Baluchari | Kashmiri | Paithani |
| Patola | Bhagalpur | Shagun | Murshidabad |

એ પણ જાણી લેવું જોઈએ કે સિલ્કના કપડા કે સાડીમાં (તાણા અને વાણા - Warp & Weft) હોય છે. ઘણી વાર ઉભા કે આડા તારો માનો એક તાર સિલ્કનો હોય છે. તેવા કપડા-સાડીઓના નામો પણ જાણી લઈએ.

Chanderi, Doria, Maheshwari, Puneri, Tissue, Printed Handloom, Manipuri Kota, Munga Kota, Zari Kota, Venkatgiri. આ બધામાં એક તાર કોટન અને એક તાર સિલ્કનો હોય છે.

## ~ STEAM BATH ~

૧ ગ્રામ સિલ્ક માટે ૧૫ જીવતા રેશમના કીડાને ગરમ પાણીમાં ઉકાળવામાં આવે છે કે ગરમ હવા વડે શેકી નાખવામાં આવે છે. આ જરાપણ અતિશયોક્તિ નથી. કોઈપણ સિલ્ક બનાવતી કંપનીમાં જાઓ અને જો આ પધ્ધતિ ન હોય તો કહેજો. તમારી સાડી, શર્ટ કે ડ્રેસનું વજન કરો. તેને ૧૫ વડે ગુણો (multiply by 15). તેટલા રેશમના કીડાનો ભોગ તમે તમારા શરીરની શોભા માટે લીધો છે તે ભૂલતા નહીં. માટે હવે નિર્ણય કરો કે સિલ્ક તો પહેરી શકાય તેમ છે જ નહીં !

**Silk બનાવવાની પધ્ધતિ :–** ઈયળના બચ્ચાને શેતૂર (mulberry)ના પાન ઉપર ઉછેરવામાં આવે છે. તે મોટી હટ્ટી કટ્ટી બને પછી પોતે પતંગિયું બનવા માટે પોતાના શરીરની ફરતે પોતાની લાળમાંથી તારનું કોકડું (coccon) રચે છે. જેને કોશેટો કહે છે. ઈયળ અંદર પતંગિયું બનવાની






process માં હોય છે. ઈયળ કોશેટાનું મોઢું કાપી બહાર આવે તે પહેલાં જ તે કોશેટાને ઉકળતા પાણીમાં નાખીને તેમાંથી તાર કાઢી લેવામાં આવે છે. તે જ સિલ્કના દોરા. (અથવા કોઈ પધ્ધતિ પ્રમાણે ગરમ ઓવનમાં કોશેટાને શેકવામાં આવે છે.)

જે ઈયળ (પતંગિયું બન્યા પછી) કોશેટાનું મોઢું કાપીને બહાર નીકળી જાય છે તે કોશેટો નકામો થઈ જાય છે. કારણકે તેના તાર સળંગ ન રહેતાં તૂટી જાય છે. તે મુહકટા સિલ્ક કહેવાય છે. જેને 'મટકા સિલ્ક' પણ કહેવામાં આવે છે. પણ તેમાં બધા જ તાર આ પ્રમાણેના નથી હોતા. આખા તાર માટે ઉપરની હિંસક પધ્ધતિ પણ વાપરવી પડે છે.

Where have all the silk moths gone ?
Gone to steam-baths every one
When will we ever learn ?
When will we ever learn ?

તો વિચાર થાય કે સિલ્ક ન પહેરીએ તો શું કરીએ ? પાર્ટીમાં સારા તો દેખાવું પડે ને ? વાત તો બરાબર છે. પણ ! સારા દેખાવા કરતાં સારા બનવું સારું નહીં ? તમારૂં સારા દેખાવું તમારા પોતાના વ્યક્તિત્વ (personality) પર છે, કપડા પર નહીં. નહીંતો આખી દુનિયાને પાગલ કરનાર (Personality of the Millennium) 'ખાદી'ની એક પોતડીથી કઈ રીતે personality પાડી શક્યો ? કઈ રીતે આખી દુનિયા પર જાદુ કરી શક્યો?



"We should be able to refuse to live if the price of living be the torture of sentiment beings."

## LEATHER TURNS ANIMALS INSIDE OUT

**What our stone-age ancestors wore :**
**ANIMAL HIDE !**
**What we wear :**
**GENUINE LEATHER**
**Is there any difference ?**
**Our stone-age ancestors had no other alternative**
**For them, wearing animal skins**
**was a matter of survival**
**What's our excuse ?**
**Do we have to kill to clothe ourselves today ?**
**GIVE UP LEATHER**

ચામડાને (leather) પણ આપણે જીવનમાં મહત્વનું સ્થાન આપ્યું છે. યાદ રહે કે કોઈ પણ પ્રાણીનું ચામડું-ચામડી, skin કે leather તેને માર્યા વિના મળતું નથી જ. કોઈ પણ પ્રકારનું ચામડું હિંસક જ છે. તે પ્રાણીને મારીને જ મળે છે. કોઈ કહે કે મારા માટે ક્યાં મારે છે ? તો સરેરાશ (average) એક વ્યક્તિ પોતે જીવે ત્યાં સુધી ૧-૧/૨ થી ૨ ભેંશ કે બળદનું ચામડું એક ફક્ત પગરખાં (ચપ્પલ કે શુઝ)માં વાપરી નાખે છે. હવે કહો કે તમારા માટે કપાય છે કે નહીં ?

**Would you murder a woman just because you liked her skin ?**



**Then why murder an animal for its hide ? Murder is too high a price to pay for a leather belt. The choice is yours. BE HUMAN. LET ANIMALS BE.**

જે લોકોને soft leather કે calf leather નો શોખ હોય તેઓએ તેનો meaning જાણી લેવો જરૂરી છે. જેમ પ્રાણી નાનું તેમ તેની ચામડી સુંવાળી - soft. નાના બાળકની skin શું સુંવાળી - soft નથી હોતી ? Calf નો અર્થ જ વાછરડું થાય. પણ calf leather પહેરનારા ભાગ્યે જ calf ના અર્થ સુધી ગયા હશે. તેને તો બસ પોતાના પગને સુંવાળું leather જોઈએ.



ભલેને તેને માટે તાજા જન્મેલા કે નાના કુમળા વાછરડાનો ભોગ લેવાતો હોય ! (જુઓ પાનુ IV ફોટો 4)

ગુણવંત શાહ કહે છે કે "પોતાના ચપ્પલ સુંવાળા અને દિલ ખરબચડું હોય તો કેમ ચાલે ?" પણ આપણે ચલાવીએ છીએ.

અત્યારે મુંબઈના (એશિયાના મોટામાં મોટા) દેવનાર કતલખાનામાં જ રોજના પાંચ હજાર બકરા-ઘેટા કપાય છે.

Soft leather કે calf leather વાપરનારા વધુ એક જાણકારી મેળવી લે. જ્યારે કતલ કરવામાં આવે છે ત્યારે તે ભેંશ જો ગર્ભીણી (pregnant) હોય તો ? તો તેમને ડબલ નફો થાય છે. અંદરથી કુમળું, તાજું બચ્ચુ-વાછરડું મળે છે - Soft અને calf leather ના શોખીનો માટે. આજ પછી જ્યારે જ્યારે પગ સાથે Soft / Calf leather બાંધો ત્યારે તેમના તરફડાટ ને કલ્પી જો જો ! How a leather shoe can look good if great brutality has gone into its production?

આ ચામડું બુટ, ચમ્પલ, સેન્ડલ, મોજડી ઉપરાંત પર્સ, પાકીટ, પાઉચ, વોલેટ, બેલ્ટ, જાકીટ, શર્ટ, પેન્ટમાં પણ વપરાય છે.

તો શું આપણે ચપ્પલ પહેરવાના છોડી દેવા ?

ના ! તેના માટે ઘણા-ઘણા પર્યાય - alternatives available છે. **હવે તો ઘણા ચપ્પલ, પર્સ, પાકીટ વગેરે foam leather જે રેક્ઝીન (rexine) કહેવાય છે, જે સંપૂર્ણ synthetic છે તેમાંથી બને છે અને તે easily available છે. રબર, પ્લાસ્ટીકના પણ મળે છે.** પોતાના પગને ઢાંકવા માટે કોઈ જ ચામડું વાપરવાની જરૂર નથી તે ચોક્કસ જાણી લેશો.

તે ઉપરાંત સોફા, ખુરશીના કવરો, જ્વેલરી બોક્સ, સુટકેસ, બ્રીફકેસ, ઘણા શો પીસ પણ leather ના આવે છે. Snake skin, crocodile skin, lizard skin વગેરેના પાઉચ, પર્સ વગેરે આવે છે. સાપની ચામડી પણ ઘણી ક્રૂર રીતે મેળવવામાં આવે છે. જીવતા સાપની ચામડી ઉતરડી લેવામાં આવે છે અને તે જીવતા સાપને એમને એમ જંગલમાં ફેંકી દેવામાં આવે છે. આ સાપ ૪-૬ કલાકથી લઈ ૪-૬ દિવસ પણ જીવી જાય છે. તેની વેદના લખી શકાય તેમ નથી. તેને કીડીઓ ફોલી ખાય છે.

એક રીતમાં તો ઝાડ પર સાપને મોઢા પર ખીલો ઠોકીને લટકાવે છે પછી તેની ચામડી ઉતરડે છે. પછી સાપને ત્યાં જ જીવતો લટકતો મુકીને ચાલી નીકળે છે. આ ફક્ત અરેરાટી થાય તેને માટે નથી લખાયું પણ આપણે અજાણતા પણ કોઈ રીતે આમાં સામેલ ન થઈ જઈએ તે ભાવના છે.

હવે કેટલાક લોકો કહે છે કે અહિંસક ચામડું (leather) મળે છે. દા.ત. ખાદીભંડારમાં મળતી ચામડાની વસ્તુઓ કે ચપ્પલ. ખાદીનો મૂળ સિધ્ધાંત ગ્રામોદ્યોગ (village-home industry) હતો. ગામડામાં લોકોને રોજી મળે તે હેતુએ જેની સ્થાપના થઈ હતી. તેમાં સિલ્ક અને ચામડાને ત્યારે વણી લીધું હતું. પરંતુ ખાદી થી સિલ્ક તરફ પ્રયાણ કરતા આપણે જરૂરીયાત ને એક ખૂણે રાખી હિંસાભર્યા ગાંડપણ કે તાંડવ તરફ વહી રહ્યા છીએ. જે પ્રાણી કુદરતી મોતે (natural death) મરે તેનું ચામડું તે અહિંસક કહી શકાય. પણ પ્રાણીનું મોત કુદરતી કઈ રીતે છે તે પણ વિચારવું જ રહ્યું.

અહિંસક ચામડું મળવાનો એક માત્ર રસ્તો એ છે કે ખરેખર કોઈ પ્રાણી બિમારીથી કે ઘડપણથી કે અકસ્માત (accident) થી મરી જાય તો તે ફક્ત મ્યુનિસીપાલટીએ નક્કી કરેલી સંસ્થા લઈ જાય અને પછી તેનું ચામડું વાપરવામાં આવે. મુંબઈમાં ખાદી ગ્રામોદ્યોગ સંચાલીત કોરા કેન્દ્ર છે તેની પાસે contract છે તે જ આવા કુદરતી મોતે મરેલા ઢોરોને લઈ જાય છે.

પણ આપણે ચામડાની demand એટલી વધારી દીધી છે કે આવા કુદરતી રીતે મરેલા પ્રાણીઓથી કઈ રીતે માંગ પુરી થઈ શકે ?

હવે એક વાત સમજી લ્યો.

મુંબઈમાં કે ક્યાંય પણ dairy industry (ડેરી ઉદ્યોગ) ચાલે છે તેને તબેલાઓ કહી શકાય. જે ભેંશને પાડા (male calf) જન્મે તે તબેલાવાળા માટે નિરૂપયોગી છે કારણકે તેનાથી ખેતી થતી નથી માટે ડેરીવાળા તે જન્મેલા પાડાને એક બાજુએ ભૂખે મરવા દે છે. આ વાત એકદમ સાચી છે. તે જન્મેલા બચ્ચા માના દૂધ વિના તરફડીને ભૂખે મરી જાય છે. કારણકે



ડેરીવાળાને તેમને જીવાડવામાં કોઈ જ રસ નથી હોતો. માટે આવા "કુદરતી મોતે ??" મરેલા વાછરડાઓને અહિંસક (??) ચામડા માટે લઈ જવાય છે. બોલો કહી શકાય આવી વેદના ભરી પધ્ધતિને અહિંસક !!! ચોકલેટ તો આપણે હોંશ થી ખાઈએ છીએ. તેમાં ઈંડા આવે છે તે વાત તો બાજુપર રહી. તેની વાત પછી. પણ તે ચોકલેટ તમને ખ્યાલ નહીં હોય કે માત્ર ગાયના દૂધમાંથી જ બને છે. હવે આપણે ત્યાં પણ બધી જ જર્સી ગાય આવી ગઈ છે. માન્યતા છે કે જર્સી ગાય વધુ દૂધ આપે માટે.

ખબર હશે કે જર્સી ગાયને ડોક ઉપર ખૂંધ (hump) નથી હોતી. માટે તેના જન્મેલા બળદ (male calf) ને પણ ડોક ઉપર ખૂંધ (hump) નથી હોતી. તેથી તે પણ ખેતી માટે લાયક નથી. માટે જ Cadbury વાળાએ તો એવો એક રૂમ જ રાખ્યો છે જ્યાં જર્સી ગાયને જન્મેલા વાછરડાઓ ને રીતસર "નાખવામાં આવે છે, રાખવામાં નહીં." જ્યાં તેઓને પણ રીતસર ભૂખે મરવા દેવાય છે. આ રીતે ભૂખે મરેલા વાછરડામાંથી પ્રાપ્ત થાય છે બીજા પ્રકારનું "અહિંસક" લેધર !!

ત્રીજા અહિંસક leather નો સ્ત્રોત (income) રખડતાં 'કૂતરાં' છે જે મ્યુનીસીપાલટી ઉપાડી જાય છે અને તેને ભંયકર રીબાવીને જે રીતે મારી નાખે છે તે બાજુપર પણ તે કૂતરાઓ પણ આપણને અહિંસક (?) ચામડું પુરું પાડે છે !!

આશા છે કે હવે પછી અહિંસક ચામડા (leather) માટે આપણે ક્યારેય છેતરાશું નહીં ! (ખાદીભવનમાં મળતા ચામડાના ચપ્પલ કે અન્ય વસ્તુઓને અહિંસક કેમ કહી શકાય ?)

Pretty isn't it ?
"It takes upto thousand dumb animals
to make one silk saree, but only one to wear it"

## A DYING BUSINESS

### હાથીદાંત – IVORY

Would you murder a man just because you liked his teeth ?



Then why murder an animal for its tusks ? Murder is too high a price to pay for an ivory bracelet . The choice is yours. BE HUMAN. LET ANIMALS BE.

આપણા હાથીદાંતના મોહને કારણે આદિવાસીઓ હાથીને ઝેરી તીરથી મારે છે. હાથીને ઝેર ચડ્યું છે પણ પૂરો મર્યો નથી તે તરફડતો હોય છે ત્યારે તેના જીવતાં જ મોઢું કાપીને મેળવાતા હાથીદાંત (ivory) (જુઓ પાનું VII ફોટો 5) આપણે લગ્ન કરનાર કુંવારી કન્યાને શુકન 'ચુડલા' 'બંગડી' રૂપે આપીએ છીએ પણ તે હાથીની વેદના શુકન કઈ રીતે કરાવી શકે તે હજી પણ સમજમાં આવે તેવું નથી. હાથીદાંતના showpiece કે કોતરણી કામ તો આખા વિશ્વમાં પ્રચલિત (famous) છે પણ તેની પાછળ જબ્બર હિંસા પડેલી છે તે જાણવું જરૂરી છે.

## BEWARE OF ORIGINALS

### મોતી – PEARL

આવું જ 'મોતી' માટે પણ સમજવું. કાલુ માછલી જ્યારે છીપ (shell) ની અંદર હોય, દરિયાના પેટાળ (bottom) માં હોય ત્યારે કોઈકવાર તેના પેટની અંદર કંઈક કચરો-કાંકરો ઘૂસી જાય છે. ત્યારે તે પીડામાંથી બચવા તે માછલી તે કાંકરીની આજુબાજુ રસ ઝરાવે છે. ગોળ ગોળ કવચ બનાવે છે. બસ તે જ 'મોતી'. (જુઓ પાનું VI ફોટો 11) માનવીને આ વાત ની ખબર પડી. બસ તેમણે તો મોતીની 'ખેતી' (pearl farming) ચાલુ કરી દીધી. નામ આપ્યું cultured pearl - કલ્ચર્ડ મોતી. શું કલ્ચર્ડ મોતીમાં સંસ્કૃતિ-culture જેવું કંઈ છે ? કાલુ માછલીઓના પેટને ચીરીને અંદર કાંકરી નાખી અને છોડી દેવાય છે, farm માં મોતી પકાવે તેની રાહ સાથે.



હજારો માછલીઓ એ અસહ્ય વેદનાસહન કરી પકાવ્યા મોતી, જેણે શોભાવ્યું આપણું શરીર ! આ છે કલ્ચર્ડ મોતીની કહાની. શું કલ્ચર્ડ મોતી અહિંસક કે કૃત્રિમ (cultured) કહી શકાય ?

### શંખ, કોડી, છીપલા – SHELL

દરિયા કિનારે દેખાતા છીપલાં, દરિયાઈ જીવ જે છીપલાં (shell) માં રહેતા હતા તે છોડીને જાય અથવા કુદરતી રીતે મરી જાય પછી તણાતા-ઘસડાતા દરિયા કીનારે મળે છે. પરંતુ જ્યારે તેનું વ્યાપારીકરણ - commercialization થયું એટલે તેની મોટા પાયે માછલીની જેમ પકડી હત્યા કરવામાં આવે છે. કોડી, કોડા, શંખ, છીપ વગેરે જે મળે છે અને તેની હસ્તકળા (handicrafts) ની વસ્તુ મળે છે તે સંપૂર્ણ હિંસક જ છે તે યાદ રહે. કોડીઓનો તો અત્યારે ladies dresses માં ખૂબ ઉપયોગ થાય છે.

### લાખ – LAC & SHELLAC



'લાખ' - નો અર્થ જ લાખ (૧,૦૦,૦૦૦) થાય કે જેમાં લાખ જીવડા મરે તે 'લાખ'. ૩૩૩ ગ્રામ લાખ માટે લાખ જીવડા મારવામાં આવે છે. બંગડી અને હેન્ડીક્રાફ્ટ ખરીદતાં પહેલા જોજો તે લાખનું તો નથી ને ? પોસ્ટમાં પાર્સલ કરીએ ત્યારે પણ લાખ વડે સીલ કરવું પડે છે તે કેટલાયે લોકોનાં ખ્યાલમાં જ નહીં હોય !

### BONY TRUTH

તેમ જ 'બોન ચાયના' (bone china) જે આપણા કપ-રકાબી, ફ્લાવર વાઝ, ડીનર સેટ વગેરે વગેરે ખૂબ વપરાતી વસ્તુ છે, તે નામ જ સૂચવે છે કે bone એટલે 'હાડકા' તેની ash - રાખમાંથી જ બનાવવામાં આવે છે. Bone china, fine china અને china ત્રણેયમાં bone ash જ વપરાય છે. ૫૦% જેટલી bone china બળદના હાડકાની રાખ (ash) માંથી મેળવાય છે.

## SHOW PIECE

ઘરમાં કે મોટરમાં લટકાવતા શો પીસ, સસલાં, ખીસકોલી અથવા શિયાળ (fox) ના ફર (fur) માંથી અથવા તેમની પુંછડીમાંથી બનાવાય છે. તેવી જ રીતે મોરપીંછ (peacock feather) માંથી બનાવેલા પંખા. જીવતા પતંગીયાને પેપરવેઈટમાં જડી દેવાય છે. તમારા પેપરવેઈટમાં પતંગિયું તો નથી ને ? વિચાર વિના કરેલી ખરીદી કે ફક્ત તે સુંદર દેખાય છે માટે ખરીદાયેલી વસ્તુ ઉપર જણાવેલ પણ કોઈ હોઈ શકે.

Beads, buckles, buttons, cigarette lighter, combs, eye glasses, spectacle frames, hair clips, braclets, broaches, cufflings, tie pins વગેરે વગેરે હાડકા (bone), શીગડાં (horn), હાથીદાંત (ivory), વાઘનખ (tiger nail), પ્રાણીઓના વાળ (animal hair), મોતી (pearl), છીપલાં (shells), કાચબાની ઢાલ (tortoise shell), પતંગીયા (butterfly), પીંછા (feathers) માંથી બનેલા તો નથી ને તે ખાસ જો જો. કદાચ પુરા તેમાંથી ન બન્યા હોય પણ તેનો partly ઉપયોગ થયો હોય તેવું પણ બને. જેમકે કાચના flower vase પર લાખ - shellac નું decoration !

અહીં ફરીવાર વાચકનું ધ્યાન દોરવાનું કે આટલી હિંસા અને આટલા અત્યાચારને વાંચીને-જાણીને એમ ન થાય કે આ બધી વાતો exaggeration છે આવું કાંઈ બને ? પરંતુ આ ઉપરની વાતમાં જરાપણ અતિશયોક્તિ નથી. કોઈ વાત જરાપણ વધારીને કહી નથી. વાચક ડરે છે કે આટલું બધું કઈ રીતે છૂટે ? પણ અહીં બતાવેલી બધી વસ્તુ તો આપણો વધારાનો વપરાશ - luxuries કહી શકાય તેમ નથી ? કદાચ જરૂર પણ હોય તો શું તેના alternatives - પર્યાયો નથી ? શું ચામડાના ચપ્પલ કે શુઝ ન પહેરીએ તો બીજા નથી મળતા ? મળે જ છે !! સિલ્ક ન પહેરીએ તો બીજા કપડાં નથી મળતાં ? ચોક્કસ મળે જ છે.

ટૂંકમાં આ બધી વિગતો પૂર્ણ સત્યપર આધારિત છે.

**It is 100% authentic.** તે ખાસ ધ્યાનમાં લઈને આગળ વધીએ.





આપણે જે દેશમાં રહીએ છીએ ત્યાં કાયદાઓની છટકબારી અને ઢીલા law & order ને લીધે products પર સાચી વિગતો ન છાપે તો પણ ચાલે છે. ખોટી છાપે તો પણ ચાલે છે અને એવી રીતે લખે કે વાપરનારનું ધ્યાન જ ન પડે (Britannia Checkers) તો પણ ચાલે. અહીં બધું ચાલે છે.

બીજું, કોઈપણ પ્રોડક્ટમાં શાકાહારનું પ્રમાણ કેટલું છે તે જાણવા માટેનું કોઈ ધોરણ standard નક્કી કરવામાં આવ્યું નથી. આથી consumer items ના ઉત્પાદકો તેમના ઉત્પાદન પર ૧૦૦% વેજીટેરીયન તેવું લેબલ ચીપકાવી દે છે. અને તે માટે તેઓએ કશું ડીકલેર કરવું પડતું નથી. નવાઈની વાત એ છે કે શાકાહારી વિકલ્પો ઉપલબ્ધ હોવા છતાં બિનશાકાહારી additives વગેરે પ્રોડક્ટમાં ઉમેરે છે.

આગળ કહ્યું તેમ પૂર્ણ શાકાહારી કે ખાઈ શકાય તેવી ચોકલેટસ (પાછળ list માં મળશે) ને બાદ કરતાં બાકી બધી ચોકલટ્સમાં ઈંડા કે ઈંડાનો કોઈ ભાગ આવે જ છે. કેકવાળી ચોકલેટ (five star) કે કેકવાળી ice cream (cassata)- માં પણ કેકની બનાવટમાં ઈંડા વપરાય જ છે.

Imported ટોફીઓ, ચ્યુઈંગમ, ચોકલેટ્સ બધામાં મોટેભાગે beef bone (ગાય-બળદના હાડકાં) અથવા beef tallow વપરાયા હોય છે. જાણીતી કંપનીઓ જેનો આપણને 'ચટકો' લાગ્યો છે તેના ingredients તો ખાસ વાંચી ને જ વાપરવા. તેઓ clear લખે છે. દા. ત. fruit tello, mentos, polo, kit-kat, toblerone, nougat, tobler અને suchard વગેરેમાં ઈંડા અથવા ઉપરના પદાર્થો વપરાયા છે.

ટૂંકમાં જીભને તેનો 'ચટકો' લગાડવા જેવો નથી. તે તમને માંસાહારી બનાવે છે. Mind your tongue !

કોઈક કંપનીની ice cream ને બાદ કરતાં બધા જ ice cream માં ઈંડા અને animal fat, gelatine વપરાય છે તેની આપણને જાણ હોવા છતાં તેના તરફ નજર કરતા નથી.

ચીઝની બનાવટમાં પણ કતલ કરાયેલા વાછરડાના જઠર (stomach of calves) માંથી મળતા 'રેનેટ' (rennet) નો ઉપયોગ પ્રસિદ્ધ છે. Kraft Cheese માં તો તે વપરાય જ છે. હવે શાકાહારીઓની માંગને લીધે અમુક ચીઝમાં વનસ્પતિજન્ય - plant rennet પ્લાન્ટ રેનેટનો વપરાશ શરૂ થયો છે તે જાણીને આનંદો. Be happy પણ તપાસ કરીને વાપરવું.

Pure Ghee શુદ્ધ ઘીમાં ચરબી (animal fat) નો ઉપયોગ એટલી હદે વધી ગયો છે કે તેની તપાસ કરવી કે શોધવું પણ મુશ્કેલ છે. શુદ્ધ ચરબીને શુદ્ધ ઘીમાં ફેરવવા માટે એટલી સહેલી ને સીધી રીત છે કે એક રાતમાં ચરબીનું ઘી બન્યા પછી ખુદ બનાવનાર કે વેંચનાર વેપારી પણ ઓળખી ન શકે તો ખાનારની શું વિસાત ? પોરબંદર કે જામખંભાળીયાનું 'pure ghee' (?) યાદ રહે આખા ભારતને પહોંચે છે. કઈ રીતે ? તેવો પ્રશ્ન થાય છે?

સરકારે તો ready-made atta (લોટ) માં પણ official 15% માછલીનો લોટ નાખવાની છૂટ આપી છે. અને હા, ingredients માં ન લખો તો પણ ચાલે !!

ભારતીય વાનગી છોડીને ચાઈનીઝ તરફ વળ્યા છીએ પણ તેમાં વપરાતા 'આજીનોમોટો' 'Ajinomotto' fish hydrolysate માંથી બને છે તે કેટલાને ખબર છે ?

Imported Polo - Extrastrong ને લીસી-ચળકતી કરવા માટે beef કે gelatine વપરાય છે. (ભારતની polo ના ingredients માં કંઈ લખ્યું નથી !!!)

## શું તમારી મીઠાઈ અહિંસક છે ?

સૌથી ચર્ચાતો અને ચર્ચાયેલો વિષય છે 'વરખ', 'varakh'. મીઠાઈથી માંડીને મુખવાસ અને ડેકોરેશનથી માંડીને ભગવાનનો શણગાર ! (જૈનોના ભગવાનની આંગી) જ્યાં જુઓ ત્યાં વરખનો ઉપયોગ ખૂબ વધ્યો છે. તેના માટે ઘણા લેખો લખાયા, દલીલો થઈ છતાંય સત્ય એ છે કે તેની બનાવટ વખતે તે ટીપાય છે તો બળદના આંતરડાના ચામડામાં જ જેને gut - ગટ



કહેવાય છે. (જુઓ પાનું V ફોટા 7,8,9)"વરખ માંસાહાર હૈ" નામના પુસ્તકમાં તો ડૉ. નેમિચંદ જૈન ફોટોગ્રાફ સાથે વરખની બનાવટ વિષે જણાવે છે.

ભારતમાં દર વર્ષે 275 tonnes ચાંદી વરખ માટે ટીપાય છે. તેને માટે 17,200 ગાય અને વાછરડાની આંતરડા (intestines) અને ચામડા (leather) માટે કતલ કરવામાં આવે છે.

Thus an average Indian family consumes silver foil produced with the gut of 3 cows and one-tenth of a cowhide.

સ્પષ્ટ છે આપણે ગમે તેટલા આંખ આડા કાન કરીએ પણ વરખની બનાવટમાં તો હિંસા છે જ છે !! અને એ વાત પણ સ્વીકારવી પડશે કે તેમાં કોઈ પણ પ્રકારનો સ્વાદ - taste પણ નથી તો પછી વાપરવું શા માટે ?

## દારૂ

દારૂ માટે ઘણી દલીલો થાય છે કે તેમાં હિંસા ક્યાં ? પરંતુ દારૂ એટલે જ ફળ કે અનાજ નો સડો. દારૂ તો દ્રાક્ષ કે કોઈ ફળ (fruits) ને સડાવી ને જ બનાવવામાં આવે છે. સડો થાય એટલે એમાં ઈયળો-જીવો પડે જ !!

વાઈન, બીયર વગેરેમાંથી કચરો દૂર કરવા ક્લેરિફાઈંગ એજન્ટસ (clarifying agents) વાપરવામાં આવે છે જેમાં જીલેટીન, આલબ્યુમીન (albumin) અને bone ash નો ચારકોલ પણ વપરાય છે. બીયર વગેરેનો કચરો સાફ કરવા ઈસિંગ્લાસ વપરાય છે જે માછલીના શરીરમાંથી મળે છે. બધા જ Indian beer માં તો આ હોય જ છે.

## દવાઓ અને વિટામીન્સ – જીવદેણ કે જીવલેણ ?

દવા માટે પણ ઘણી જાગૃતિની જરૂર છે. આપણે બીમાર થઈએ તે કંઈ પ્રાણીઓનો વાંક નથી ? તો પછી મારે સારા થવા માટે તેનો ભોગ કેમ લેવાય ? માણસ તંદુરસ્ત થવા માટે જે વિટામીન્સ (vitamins) લે છે તેમાનાં કેટલાક વિટામીન્સ પ્રાણીજ પદાર્થમાંથી જ મેળવાય છે. Vitamin D તો ૧૦૦% પ્રાણીજ પદાર્થમાંથી જ મેળવાય છે. Vitamin A પ્રાણીમાંથી અથવા

તો વનસ્પતિમાંથી મેળવાય છે. આપણે કહીશું કે અમે તો vitamins ની tablets તો લેતાં જ નથી !! તો શું તમે જાણો છો કે રોજ વપરાતી કેટલી બધી વસ્તુઓમાં આ વાપરવામાં આવે છે ? જે પદાર્થમાં 'Fortified with Vitamin A & D' લખ્યું હોય તો તે Vitamins પ્રાણીમાંથી જ મેળવવામાં આવ્યા હોય છે. 'Fortified with' લખેલા Kellogs cornflakes, atta અને vanaspati બજારમાં છૂટથી મળે છે, પ્રેમથી ખવાય છે !

જ્યારે પ્રાણીની કતલ કરાય છે ત્યારે તેના ગળા પર છરી ફેરવવામાં આવે છે. અને તરત જ લોહીનો ધોધ છૂટે છે અને તેને નકામું કેમ જવા દેવાય? (જુઓ પાનું V ફોટો 6)તરત જ એક વાસણ તેના ગળા પાસે ધરવામાં આવે છે અને બધું લોહી લેવાઈ જાય (સ્વાભાવિક છે ત્યારે પ્રાણીનું મરણ થાય છે) ત્યારે તે લોહી સીધું pharmaceutical companies ને વેંચી દેવામાં આવે છે (જેનો પહેલેથી જ contract હોય છે) અને તેમાંથી બને છે અનેક દવાઓ. B-complex ની tablets પણ પ્રાણીજ પદાર્થમાંથી જ બને છે. તેમજ ભારતમાં બનતી કેપ્સ્યુલ તો જીલેટીનની જ બને છે તે જાણવું જરૂરી છે. વિદેશમાં vegetarian capsule પણ મળે છે.

માટે હવે જ્યારે દવા લેવા જાઓ અથવા ડૉકટર દવા લખી આપે ત્યારે અવશ્ય પૂછો કે કહો કે પ્લીઝ મને vegetarian દવા જ જોઈએ છે અને જો જો ચમત્કાર ! તમને તે જરૂર જરૂર મળશે અને જો જો પ્રાણીઓની દુઆ કામ પણ કરશે.

**Vegetarianism is good for you, wonderful for animals.**

The worst of all harms one might cause is pain - mental or physical to a sentiment being.
Therefore, that one must ask oneself, is whether our choice is going to harm anybody. If it is, then alternative must be explored. Harm must be avoided.



## THE WOMB AS A TOMB

હવે થોડું ગર્ભપાત (abortion) વિષે. તે જરૂર છે કે નહીં તેની ચર્ચામાં અત્યારે નહીં પડતાં તે હિંસા છે કે નહીં તે જાણીએ. શુક્રજંતુ (sperm) અને રજ (ova) નું મિલન એજ ગર્ભધારણ – નવા જીવનની – બાળકની શરૂઆત છે.

ઘણી વખત ડૉકટરો ગેરમાર્ગે દોરે છે કે તેમાં જીવ તો ૩ મહિના પછી આવે છે. પરંતુ આ વાત સંદતર ખોટી છે. ૧૮મે દિવસે તો વિકસીત હૃદય ધબકારા મારતું થાય છે. અને બે મહિને તો પૂર્ણ વિકસીત વ્યક્તિમાં રહેલી બધી જ વસ્તુઓ આ શિશુમાં જોવા મળે છે. પાંચમા મહિને તો એના મુક્કા અને લાતોની માતાને ચોક્કસપણે ખબર પડે છે. સાતમે મહિને તો તે ૧૩" થી ૨૦" નો લાંબો થાય છે. આ નાનકડી 'વ્યક્તિ' એ હવે જન્મવાના ચમત્કારની જ રાહ જોવાની છે. What has this baby done to deserve such a violent death.

Silent Scream નામની ગર્ભપાત પરની film (જે ભારતમાં ban છે) માં સ્પષ્ટ બતાવે છે કે જ્યારે ગર્ભપાત થાય છે ત્યારે બાળક કઈ રીતે બચવા માંગે છે, પ્રતિકાર કરે છે. અને છેલ્લે અસહાય બને ત્યારે એક મુંગી ચીસ (scream) પાડે છે. ઠેર ઠેર થતાં ગર્ભપાત સેન્ટરમાં જઈને તેમની કચરા પેટી જોવા જેવી છે. તમને human garbage જોવા મળશે. Abortion is the only form of violence that has the backing of law. ગર્ભપાત કરવાની પધ્ધતિઓ પણ અતિશય ક્રુર છે. (જુઓ પાનું VI ફોટો 10)

**Kill it now - its murder,**
**Kill it before birth - its abortion**



## ~ ગર્ભપાત થયેલા બાળકવાળી કચરાપેટી ~




## ~ Methods of Abortion ~

1) Suction Method :- શરૂઆતના તબક્કામાં ગર્ભને પાડી નાખવા ચૂસક નાળી ગર્ભાશયના મુખમાંથી દાખલ કરે છે. તે એટલી જબરદસ્ત છે કે બાળકના શરીરનું વિભાજન થઈને તે તરત જ લોહી, કોશમંડળ અને કુર્ચાઓના ટુકડાનો એક જથ્થો બની જાય છે તે જથ્થો પછી એક શીશીમાં ભેગો કરે છે.

2) Curette Method :- ક્યુરેટ અથવા ચીપિયાંથી બાળકને ખેંચીને અથવા છોલીને બહાર કાઢી લેવામાં આવે છે. ઘણી વખત બહાર કાઢવા માથાને છુંદી નાખવામાં આવે છે. જેથી એનું કદ નાનું થતાં બહાર કાઢવું સરળ પડે છે. બાળકના શરીરના થયેલા આ નાના નાના ટુકડાઓ પછી ફેંકી દેવામાં આવે છે.

3) Caesarian Method :- વિકસીત ગર્ભને પાડી નાખવા માટે ગર્ભાશય પર કાપ મૂકીને બાળકને એમાંથી ઉંચકી લેવાય છે. આ વખતે બાળક આળોટતું હોય છે. હાથ પગ પણ હલાવતું હોય છે. બાળક શ્વાસ લેવાનો પણ પ્રયત્ન કરે છે અને રડવાનો આછો પ્રયાસ પણ કરે છે. બાળક મરે એ પહેલા કલાકો સુધી તેનું હૃદય ધબકતું રહે છે.

4) ડૉક્ટર માતાના ગર્ભાશયમાંથી મોટી સોય વડે થોડું પ્રવાહી બહાર ખેંચી લે છે અને પછી મીઠાનું પાણી અંદર દાખલ કરે છે. આના લીધે બાળક થોડો સમય તરફડિયા મારીને પછી મરી જાય છે. આ પછી લગભગ ૨૪ કલાકની અંદર પ્રસવનું દર્દ થાય છે અને મૃત બાળક બહાર આવે છે. આ રીત ગર્ભધારણના



છેલ્લા તબક્કા સુધી વાપરી શકાય છે.

5) પ્રોસ્ટાગ્લાન્ટીન નામની દવા ગર્ભાશયને સંકોચે છે જેને લીધે બાળક ગર્ભાશયની બહાર ધકેલાતા ગમે તે કદનું બાળક હોય પણ યોનિમાર્ગે પ્રસૂતિ થાય છે. જો બાળક આ પ્રક્રિયા સહન કરી શકે એટલું મોટું હોય તો મોટાભાગે જીવતું જન્મે છે. નહીં તો મોટેભાગે એને મરવા દેવામાં આવે છે.

## ~ સારાંશ ~

**આમ જાણ્યે-અજાણ્યે આપણા જીવનમાં ખૂબ હિંસાએ સ્થાન લઈ લીધું છે. લખવા માટે - જાણવા માટે હજી ઘણું છે. પરંતુ એમ થાય છે કે ક્યાંક થી 'શરૂઆત' તો કરીએ ? માટે હવે પૂર્ણતા તરફ આગળ વધતાં એમ જ લાગે છે કે આ સમયમાં નિર્દોષ અને કોઈને પણ પીડારહિત જીવન જીવવા માટે બસ થોડાક 'જાગવાની' જરૂર છે. જાગૃત થઈએ તો કંઈ જ અઘરું નથી. શરૂઆત તો એક થી જ થાય. કોઈપણ ક્રાંતિ થઈ તેની પણ શરૂઆત એક થી જ થઈ છે તેનો ઈતિહાસ ગવાહ છે. આગળ જણાવ્યું તેમ આપણી 'બેદરકારી' કે 'મસ્તી' કેટલાયે જીવોની હિંસામાં પરિણમે છે. પરંતુ વિચારશીલ (thoughtful - committed) નાગરિકો દુનિયાને બદલી શકે છે.**

**અહિંસક વસ્તુની માંગ કરો - demand વધારો. થોડાક વધુ active થઈ શકો તો manufacturer ને એક કાગળ લખો અને લખો કે અમને અહિંસક product જ જોઈએ છે.**

**જો આપણી માંગ (demand) ઉભી થશે તો જરૂરથી બનાવનાર તે બનાવશે. માટે આપણી જવાબદારી એકદમ નાની.**

**આમ દરેક કરે તો ? ચમત્કાર ન સર્જાય ? ક્રાંતિ ન થાય ? થાય જ !**

**હમ હોંગે કામયાબ - Succeed we will !**

**છેલ્લે**

**જો તમે એમ ધારશો કે તમે કશુંક કરી શકો તેમ છો તો તમે એ કરી જ શકશો, અને તમે એમ ધારશો કે તમે એવું કરી શકો તેમ નથી તો તમે એ નહીં કરી શકો !**

**So Simple !**

**અહિં આપેલી સૂચી બજારમાં મળતી તે વસ્તુઓની છે જેમાં**

**અ) પ્રાણીજ પદાર્થ વપરાયા નથી**

**બ) પ્રાણીઓ પર પરિક્ષણો કરવામાં આવ્યા નથી.**

**આ પદાર્થના ઉત્પાદકોએ પોતાનું સર્ટીફીકેટ આપેલ છે.**

List of products available in the market whose manufacturers have certified by signature that the products

a. do not contain animal ingredients
b. are not tested on animals



**અમને ઘણું જ મોટું product list મળેલ છે. પણ જે વસ્તુ બજારમાં સરળતાથી ઉપલબ્ધ છે તેનું જ list અહીં આપવામાં આવેલ છે. આપને વધુ જરૂર હોય તો અમને જણાવશો.**

The list of products available with us is very big. But we have choosen only those products which are easily available in the market. For more information, please write to us.

| Products | Brand Name (Company) |
|---|---|
| **Tea** | **Duncans**<br>Double Diamond,Sargam<br>(Duncan's Industries Ltd.) |
| **Syrup** | **Ideal** Badam Thandai<br>(Ideal Food Products)<br>**Priti's**<br>Sherbat Rose, Kesar-Chandan (Priti H. Merchant) |
| **Drinking chocolate powder,<br>Baking powder,<br>Custard powder,<br>Vegetarian jelly crystals,<br>Ice cream mix, Pudding** | **Weikfield**<br>(Weikfield Products Co. India Pvt. Ltd.) |
| **Sugar Boiled Confectionery<br>Toffees** | **Parle Mango Bite,<br>Kismi, Melody** (Parle Ltd.) |
| **Chocolates** | **Amul**<br>(Kaira Dist. Co-op Milk Ltd.) |
| **Biscuits** | **Parle G, Gluco, Monaco, Krackjack, Cheeselings**<br>(Parle Products Ltd.)<br>**Parsi Dairy Farm** |
| **Khari & Butter cookies** | **Ovenpick** (Jain Bakers) |
| **Bread**<br><br>**White & Wheatmeal breads<br>Sugar Toastees** | **Ovenpick** (Jain Bakers)<br>**Klassic** (Klassic Nutrients)<br>**Gardenia**<br>(Divya Food Products Ltd.) |
| **Cakes** | **Ovenpick** (Jain Bakers)<br>**Parsi Dairy, Spicer's** |

| Products | Brand Name (Company) |
|---|---|
| **Cheese**<br>**Processed Cheese**<br>**Cheese Spread**<br>**Natural Soft Cheese** | **Amul**<br>**ABC Farms**<br>(ABC Farms Pvt. Ltd.)<br>**Parsi Dairy Farm** |
| **Paneer** | **Parsi Dairy Farm**<br>**ABC Farms** |
| **Ice Cream**<br>**Kulfi** | **Amul**<br>**Natural** (Sweet Home)<br>**Baskin Robbins**<br>(Maharashtra Dairy Products)<br>**Parsi Dairy Farm** |
| **<u>Milk & Milk Products</u>**<br>**Milk Powder**<br>**Milk, Cream, Mava**<br>**Standard & Pasteurised Milk**<br>**Whipped Cream** | <br>**Amul**<br>**Parsi Dairy Farm**<br>**ABC Farms** |
| **Butter** | **Amul**<br>**ABC Farms**<br>**Parsi Dairy Farm** |
| **Unsalted Butter** (used as margarine) | **ABC Farms** |
| **Ghee (Buffalo & Cow)** | **Parsi Dairy Farm**<br>**ABC Farms** |
| **Vanaspati** | **Lion** (IVP Ltd.)<br>**Ranjit** (Morvi Veg. Products)<br>**Rasada**<br>(Ashwin Vanaspati Ind. Ltd.) |
| **<u>Edible Oil</u>**<br>**Groundnut oil**<br>**Sunflower oil**<br>**Mustard oil**<br>**Rapeseed oil**<br>**Coconut oil & Til oil**<br>**(Refined & Double Filtered)** | <br>**Dhara** (NDDB)<br>**Saffola** (Marico Industries)<br>**Postman, Sona, Tilola, AO**<br>**Sunsweet** (Ahmed Mills)<br>**Gemini, Samarat**<br>(Parekh Foods Ltd.) |



| Products | Brand Name (Company) |
|---|---|
| **Jams**<br>**Jelly, Marmalade** | **Mala's**<br>(Mala's Food Products) |
| **Instant Mixes** | **Gits**<br>(Gits Food Products P. Ltd.)<br>**Tarla Dalal**<br>(Tarla Dalal Foods) |
| **Hakka Veg. Noodles** | **Leong**<br>(Leong's Food Products) |
| **Breakfast Cereals** | **Farm House**<br>(Good Earth Foods) |
| **Protein rich soya chunks & granules** | **Rozana**<br>(Hindustan Foods Ltd.) |
| **Soyamilk and Tofu** | **Spicer's Spiso**<br>(Spicer's College Products & Services) |

## VEGETARIAN HOUSEHOLD ITEMS IN THE MARKET

| Products | Brand Name (Company) |
|---|---|
| **Washing Soap** | **Naulakha**<br>(Dharamchand Ladhamal) |
| **Liquid Cleaner & Detergents**<br>**Liquid Disinfectant, Liquid Soap**<br>**Deodorant Air Refresher** | **Godrej, Godrej Dip**<br>(Godrej Soaps Ltd.)<br>**Pampa** (Pampa Industries) |
| **Coated Art Paper** | **Pearl Glow**<br>(Rohit Pulp & Paper Mills) |
| **Safety Matches** | **Homelites**<br>(Wimco Ltd.) |
| **Woodfree Particle Board**<br>(Made from bagasse bound with non animal resin) | **Ecoboard**<br>(Western Bio Systems Ltd.) |

# ANIMAL FREE TOILETRIES & COSMETICS

| Products | Brand Name (Company) |
|---|---|
| **Toothpaste** | **Prudent Calcium, Prudent Triple Protection, Tru Gel**<br>(Charm Cosmetics Pvt. Ltd.)<br>**Vicco Vajradanti**<br>(Vicco Laboratories)<br>**Amar**<br>(Amar Remedies) |
| **Herbal Gel Toothpaste** | **Smile - 2**<br>(Ami Industries) |
| **Tooth Powder** | **Promise**<br>(Balsara Hygiene Products)<br>**Vicco Vajradanti**<br>(Vicco Laboratories) |
| **Soaps** | **Evita, Cinthol Ultimate, Cinthol International, Doodh Ganga, Marvel, Shikakai**<br>(Godrej Soaps Ltd.)<br>**Nirma Lime, Lime Fresh, Bath, Beauty, Premium, Shikakai** (Nirma Ltd.)<br>**Chandrika** (S. V. Products)<br>**Mysore Sandal, Sandal Classic, Special Sandal with musk, Lavender, Jasmine**<br>(Karnataka Soaps Ltd.) |
| **Amla & Shikakai Shampoo** | **Nature's Way Radiance**<br>(Jain Cosmetics & Toileteries) |
| **Shaving Brush** | **Colgate Palmolive**<br>(Colgate Palmolive Ltd.) |



| Products | Brand Name (Company) |
|---|---|
| **Shaving Cream** | **Rich Foam, Menthol Mist, Lime Fresh**<br>(Godrej Soaps Ltd.) |
| **After-Shave Moisturiser** | **Man Power**<br>(Shahnaz Herbals) |
| **Body Deodorant** | **Floral**<br>(Shahnaz Herbals) |
| **Hair Oil** | **Shalimar**<br>(Shalimar Chemical Works)<br>**Saini**<br>(Saini Hair Products P. Ltd.)<br>**Lustrous Locks**<br>(Jain Cosmetics & Toiletries)<br>**Herba** (Herba Indica) |
| **Talcum Powder** | **Cinthol Luxury, Satin, Classic** (Godrej Soaps Ltd.) |
| **Skin Care Products** | **Shahnaz Husain's**<br>(Shahnaz Ayurvedics)<br>**Nature's Way**<br>(Jain Cosmetics & Toileteries)<br>**Vicco**<br>(Vicco Laboratories) |
| **Liquid & Powder Hair Dye** | **Godrej**<br>(Godrej Soaps Ltd.) |
| **Pain Balm** | **Lalit**<br>(Raja Balkrishnalal)<br>**Herba**<br>(Herba Indica) |

**Stearic acid / stearates / oleates** :- Usually obtained from tallow although they can also be obtained from vegetable oil.

**Pristane** :- Obtained from shark liver oil and whales.

**Fatty acids** :- A commonly produced and widely used slaughter house ingredients.

**Elastin** :- Animal protein from the slaughter house.

**Collagen** :- A slaughter house product made from animal connective tissues.

**Chitin** :- Organic base of the hard part of beetles, crabs, lobsters etc.

**Gelatin** :- Is obtained by boiling bones, connective tissues, animal skin, tendons, ligaments etc. in water.

**Hydrolysed proteins** :- It could be of animal or vegetable origin.

**Glycerine** :- Is a parallel product of the soap industry whether the soap is made of animal fat or vegetable oil, the glycerine derived is of animal or vegetable origin.

**Albumen** :- Obtained from egg.

**Lecithin** :- It is generally obtained from egg and is used as an emulsifier in chocolates. It is also obtained from soya bean and is called soya lecithin.

**Casein** :- Is a milk protein derived by adding enzyme renin (from stomach of animals) or an acid. It could therefore be either non-vegetarian or vegetarian.

**Tallow** :- Always from slaughterhouse. It is animal fat.

**Rennet** :- An enzyme obtained from the stomach of calves and is used in manufacture of cheese.

---

**Products which state 100% vegetarian but the manufacturers did not fill up the BWC (Beauty Without Cruelty) Questionnaire.**

| Name | Product | Name | Product |
|---|---|---|---|
| Frolic | Jelly | Kellogg's | Breakfast Cereals |
| Knorr | Vegetarian Soups | Kwality Walls | Dairy Classic Ice Creams |
| Maggi | Vegetarian Noodles | Nutrella | Soya Chunks & Granules |
| Top Ramen | Noodles | Oriflame | Cosmetics |
| Snoodles | | Avon | Cosmetics |



**Aquatic food** :- Flesh of fish and marine creatures.
**Bacon** :- Sides and back of the pig, cured and smoked.
**Beef** :- Meat of adult cow, bull, ox or buffalo.
**Bombay duck** :- Fish found in Indian waters which is dried.
**Brawn** :- Leg meat of calf.
**Broiler** :- Chicken meat.
**Broth** :- Clear soup made from meat and bones
**Caviar** :- Salted roe (eggs) of fish.
**Drumstick** :- Fowl's leg.
**Flip** :- Drink with beaten egg.
**Fowl** :- Bird meat like that of chicken, cock, dove, goose.
**Frankfurter** :- Linked sausage of pork and beef.
**Game / Shikar** :- Meat of hunted wild life.
**Ham** :- Meat of pig.
**Kid** :- Young goat's meat.
**Lard** :- Clarified fat of hog.
**Mince / Kheema** :- Short form of minced meat.
**Mutton** :- Meat of sheep or goat.
**Pork** :- Meat of pig, hog or wild boar.
**Salami / Pepperoni** :- Pig meat preparation.
**Sausage** :- A tube of thin membrane (from cattle) containing minced pork.
**Steak** :- Thick slice of meat especially beef.
**Suckling pig** :- Pig cooked whole.
**Veal** :- Meat of calf.
**Venison** :- Meat of deer.
**White bait** :- Fried young fish.
**Wild boar** :- Meat of wild pig.

Courtesy :

**References & List :**
A Vegetarian Lifestyle
(A book of Beauty without cruelty)
4, Prince of Wale's Drive,
Wanowire, Pune 411 040
Tel. : 840321

**Photographs :**
Shakahar Kranti
India Today
Compassionate Friend
Jivan Jagruti Trust
Pearls (Jean Taburiaux)
Discovery & WWF

આ પુસ્તિકાના કાગળમાં પણ જીલેટીન કે એવો કોઈપણ
પ્રાણીજ પદાર્થ વપરાયેલ નથી